GANDHINAGAR BUILDERS' ASSOCIATION

SINCE 1992
BUILDER'S FORUM

Office : 305, Shreenath Complex, Plot : 292, Sector-22,
Gandhinagar - 382022 Ph. : (0) 23241151 email : gnrbuilder@yahoo.co.in

તા: ૧૯/૩/૨૦૦૯

મા.અગ્ર સચિવશ્રી,
માર્ગ અને મકાન વિભાગ,
બ્લોક નં. ૧૪, નવા સચિવાલય,
ગાંધીનગર.

**વિષય : સમગ્ર ગુજરાત રાજ્ય અને ગાંધીનગર શહેરના પ્રવર્તમાન ઝડપી, વિકાસના ટ્રેન્ડ મુજબ ગાંધીનગર શહેરમાં વિકાસ બાબત જરૂરી પરિવર્તન કરવા અંગેની રજુઆત.**

**સંદર્ભ : અમારો આપશ્રીને કરેલ રજુઆત તા.૩૦-૯-૨૦૦૮.**

મા.સાહેબશ્રી,

જયભારત સાથે જણાવવાનું કે ગાંધીનગર શહેરમાં છેલ્લા ૧૦ વર્ષમાં ખુબ ઝડપથી વિકાસ થયેલ છે હાલ પ્રવર્તમાન સરકાર દ્વારા ગાંધીનગરની આજુબાજુના વિસ્તારમાં ગીફ્ટસીટી, રાહેજા એસ.ઈ.ઝેડ, ડી.એલ.એફ. એસ.ઈ.ઝેડ, ઈન્ફોસીટી અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ પેટ્રોનેટ જેવી યુનિવર્સિટીઓનો મોટા પાયે વિકાસ થઈ રહ્યો છે ત્યારે ગાંધીનગર શહેરમાં રહેણાંક અને વાણિજ્ય સંકુલોની માંગ ઘણી જ ઉંચી છે. આપશ્રી શહેરના વિકાસમાં ઉંડો રસ લઈ રહ્યા છો ત્યારે શહેરના વિકાસ બાબત જરૂરી ચિંતન અને નિયમોનું પુનઃ વિચારણા કરવા અમારી આપશ્રીને નમ્ર વિનંતી છે.

(૧) ગાંધીનગર શહેરમાં રોડ નં. ૨, ૩, ૬, ૫ (સેક્ટર-૨૨) ને શહેરી વિકાસ મંત્રાલયના જાહેરનામા પ્રમાણે આ માર્ગોને વ્યવસાયિક માર્ગ તરીકે જાહેર કર્યા છે તે જાહેર માર્ગોની કાયદેસરના અને ઓથેન્ટીસીટના વિવાદમાં અમો પડવા માગતા નથી પરંતુ હાલ જે પરિસ્થિતિ પ્રમાણે આ માર્ગો પર ઘણાં જ કોમર્શિયલ મકાનો સમય માંગને અનુલક્ષીને બની ગયેલ છે. જેથી દ્વિચકી તેમજ ચાર ચકી વાહનોની અવરજવર ખુબ જ વધી ગયેલ છે. અને પાર્કીંગના સગવડ વ્યવસ્થાની ઊણપ જણાય છે. આ બાબતે ઉપરોક્ત માર્ગો પર સત્વરે જો બન્ને બાજુ સર્વીસ રોડનું આયોજન કરવામાં આવે તો જરૂરી પાર્કીંગનું આયોજન થઈ શકે અને ટ્રાફીક વ્યવસ્થામાં પણ સરળતા રહેશે. આ બાબતે અમોએ અગાઉ અગ્ર સચિવશ્રી જોડે થયેલ ચર્ચા મુજબ સર્વીસ રોડ તેમજ પાર્કીંગના પ્લાન વિકલ્પ સાથે આપેલ છે. જે વ્યવસ્થા અમદાવાદના સી.જી.રોડ પર કરવામાં આવી છે. તેથી પણ ઉદાર આયોજન કર્યું છે. તે સમયે આપેલ નકશા આ સાથે ફરી સામેલ કરીએ છીએ. ગાંધીનગર શહેરના વસાહતીઓના વિશાળ હીતને લક્ષમાં રાખી અમારી દરખાસ્ત માન્ય રાખવા આપશ્રીને અમારી નમ્ર વિનતી છે.

AMRISH VYAS PRESIDENT • MUKESH PATEL VICE PRESIDENT • DARSHAN DAVE SECRETARY • JAYESH GANDHARVA ORG. SECRETARY • PIYUSH PATEL TREASURER